શિક્ષણવર્ધક માળા.

शिक्षकनुं कर्तव्य.

અંક નં. ૫.

કર્તા.
ખા. સા. સૈયદ શમસુદ્દીન સૈયદ મીયાં
કાદરી બી. એ.
ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર ભરૂચ
વિભાગ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
ભરૂચ શિક્ષણવર્ધક સમાજ જીલ્લે
ભરૂચ.

અમદાવાદ—આર્યોદય પ્રેસ.

સને ૧૯૧૬.

શિક્ષણવર્ધક માળા.

શિક્ષકનું કર્તવ્ય.

ટુંક નોધ.

કર્ત્તા
ખા. સા. સૈયદ શમસુદ્દીન સૈયદમીયાં
કાદરી બી. એ.
ડેપ્યુટી એજયુકેશનલ ઇન્સ્પેકટર ભરૂચ
વિભાગ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
ભરૂચ શિક્ષણવર્ધક સમાજ જીલ્લે
ભરૂચ.

અમદાવાદ—આર્યોદય પ્રેસ.

સને ૧૮૯૬.

પ્રસ્તાવના.

શિક્ષકોમાં ભ્રાતૃભાવ વધે, તેઓ અરસ-પરસ અનુભવનો લાભ લઇ શિક્ષણપદ્ધતિમાં સુધારો કરે અને ઉચ્ચપ્રકારનું જ્ઞાન આપતા લેતા રહે એ હેતુથી ભરૂચ જીલ્લાના ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર ખા સા. સૈયદ શમસુદ્દીન કાદરીસાહેબની પ્રેરણાથી ભરૂચ જીલ્લાની પ્રાથમિકશાળાના શિક્ષકોએ દોઢ વર્ષથી " શિક્ષણવર્ધક " નામની સભા સ્થાપી છે, આ સભા સ્થાપન થયા પછી રજાને પ્રસંગે જુદે જુદે સ્થળે જુદા જુદા શિક્ષકોએ ભિન્ન ભિન્ન વિષયો ઉપર ભાષણો આપ્યાં છે અને ઉત્સાહી શિક્ષકો તથા ઉપ શિક્ષકો ગુણગ્રાહક થયા છે. આ સભામાં નીતિ અને શિક્ષણ સિવાય બીજા વિષયોપર કરવાની મના છે. સભાજની સ્થાપનાથી

પ્રસન્ન થઇ ઉત્તેજનાર્થે ભરૂચ જીલ્લાના માન-વંત કલેક્ટર એચ. ઓ. ક્વીન સાહેબ બહા-દુરે ખાનસાહેબની સંમતિથી "પ્રાથમિક શાળા-ઓમાં દેશી રમતો સરળતાથી દાખલ કરવા વિષે" ઉત્તમ નિબંધ લખનાર શિક્ષકને રૂ. ૨૦)નું ઇનામ આપવાની ઇચ્છા જણાવી અને એ બાબતની જાહેર ખબર આ સમાજ મારફત અપાવેલી. નિબંધ તપાસવા નીમેલી કમિટીની ભલાગણપરથી શિક્ષકસમાજ સમ-ક્ષ મહેરબાન ક્વીન સાહેબે સ્વહસ્તે સદરહુ ઇનામ દીવા તાલુકામાસ્તર ભવાનીશંકર રામેશ્વર, નાડાના મહેતાજી કેશવ રામજી, કો સમડીના મહેતાજી મોહનલાલ મૂળશંકર અને આંદાડાના મહેતાજી ફુલાભાઇ ગીરધરને સર-ખે ભાગે વહેંચી આપેલું. મેહેરબાન ક્વીનસા-હેબની શુભ લાગણી માટે આ સમાજ એ-ઓ સાહેબનો અંતઃકરણ પૂર્વક આભાર માને

છે. જ્ઞાનમાં વધારો થાય એ હેતુથી આ સમાજના ફંડમાંથી પુસ્તકો, ચોપાનીઆં, વર્તમાનપત્રો વગેરે ખરીદ કરી દરેક શિક્ષકને વાંચવાનું સુલભ પડે એવી રીતે વ્યવસ્થા કરવાની ગોઠવણુ ચાલે છે.

શુકલતિર્થની જાત્રા વખતે એટલે તા૦ ૨૦ માહે નવેમ્બર સને ૧૮૯૬ ને રોજ "શિક્ષણુવર્ધક સમાજ" નો વાર્ષિક મેળાવડો કરવાનો ઠરાવ થવાથી દીવાના તાલુકામાસ્તર રા. ભવાનીશંકર સમાજ તરફથી ખાનસાહેબ સૈયદ સમસુદ્દીન કાદરીસાહેબને આમંત્રણુ કરવા અંકલેશ્વર મુકામે ગયેલા. પરંતુ કામની ભીડને લીધે અવકાશ નહિ મળવાથી તેઓ સાહેબ આમંત્રણુ સ્વીકારી શકયા નહિ. રા. ભવાનીશંકર અને તેમની સાથે ગયેલા બીજા શિક્ષકોને નિરાશ થતા જોઇ ખાનસાહેબે કહ્યું "હું દિલગીર છું કે આવે પ્ર-

સંગે સભામાં મારાથી આવી શકાતું નથી. તોપણ ખરા અંતઃકરણથી તમારી સભાનું શ્રેય ઇચ્છું છું. સભામાં હાજર થઇ "શિક્ષકનાં કર્તવ્ય" સંબંધી જે સુચનાઓ કરત તેની ટુંક નોંધ હમણાંજ તમને લખી આપુ છું તે મારા તરફથી સભામાં વાંચી સંભળાવજો."

સભામાં નહિ આવી શકેલા શિક્ષકોને આ ઉપયોગી બોધને લાભ મળે એવા હેતુથી તે છપાવી પ્રસિદ્ધ કરવાનો સમાજે ઠરાવ કીધો છે.

તારીખ ૨ ડિસેમ્બર સને ૧૮૯૬,

મનસુખલાલ પરભુદાસ.

સેક્રેટરી ભરૂચ શિક્ષણવર્ધક સમાજ.

શિક્ષકનું કર્તવ્ય.

મહાન પુરૂષોના જીવનચરિત્રપરથી સ્પષ્ટ જણાય છે કે દરેક મહાન પુરૂષના મહત્વનો આધાર તેની ઉચ્ચ પ્રકારની રહેણી, કરણી, એકનિષ્ઠા, ઉત્કૃષ્ટ વિચાર, પરોપકારની મહાન યોજનાઓ, અને શુદ્ધ અંતઃકરણના સ્તુતિપાત્ર આગ્રહ, અને જાથુ પ્રયાસથી તે યોજનાઓ પરિપૂર્ણું કરવાના દૃઢ નિશ્ચયપર રહેલો છે મહાન પુરૂષોના મહત્વનાં ચિન્હ તેમનાં મહાન કર્તવ્ય છે. પ્રાચીન, અને અર્વાચીન ઇતિહાસથી સાબિત થઈ શકે છે કે હિંદના લોકો હિંદુ, અને મુસલમાન ગુરૂને પૂજ્ય ગણતા આવેલા છે. ગુરૂભક્તિ હિંદનું આભુષણ છે. સંસ્કૃત, અરબી, અને ફારસી ગ્રંથો ગુરૂના મહત્વની પ્રશંસાથી

ભરપૂર છે પરંતુ ગુરૂપદ ભોગવવાને પાત્ર થાય તેજ પ્રશંસાને પાત્ર ગણાય.

સોક્રેટીસનું વચન છે કે "માબાપ બાળકની ઉત્પત્તિનાં કારણરૂપ છે." એટલે અખંડ બ્રહ્મથી વિયોગ કરાવી આ સૃષ્ટિમાં બાળકને અવતાર આપવામાં સાધનરૂપ છે. ગુરૂના મહત્વની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે; કેમકે ગુરૂબોધથી મનુષ્યને બ્રહ્મજ્ઞાન થાય છે. એટલે આ સૃષ્ટિના કર્તા સાથે પુનઃ તેનો સંબંધ થાય છે. ટુંકામાં ગુરૂ વડે શિષ્ય કનિષ્ઠ પદવીથી ઉત્કૃષ્ટ પદ્વીએ પહોંચી શકે છે. જે ધંધામાં આવા આવા ઉત્તમ ગુણો સમાયેલા છે તે ધંધો સર્વોત્તમ છે. એની સાબિતીની જરૂર રહેતી નથી.

જ્ઞાનરૂપી મુગટવડે ગુરૂની કાન્તિ દૈદીપ્યમાન હોય તેજ ગુરૂ, ગુરૂપદને પાત્ર છે. જ્ઞાનનો પ્રસાર કરવો એજ ખરા ગુરૂની અભિલાષા હોય છે. જ્ઞાનનો પ્રસાર જ્ઞાન મેળવવા-

નાં સાધનો સુલભ કર્યા વિના દુર્લભ છે. આ સમયના આપણા શિક્ષક બંધુઓનું કામ ઉપરની ગુરૂની વ્યાખ્યા પ્રમાણે મહાકઠિન, પણ મહા યશસ્વી છે. પર્વતના મહાન શિખરપર ચઢવાનો આરંભ પર્વતની તળેટીથી થાય છે. રીતસર પગથીએ પગથીએ જાળવીને સંભાળથી ચઢનારાજ પોતાના દૃઢ નિશ્ચય, અને કોઇ પણ વિઘ્નથી નહિ ડગે એવા આગ્રહ વડે પર્વતની ઊંચામાં ઊંચી ટોચે ચઢી પોતાની ધારણા બર લાવી શકે છે, ને કુદરતની અદ્‌ભુત રચનાનું એકાગ્રહ ચિત્તથી અવલોકન કરી શકે છે. અમારા પ્રિય શિક્ષકોએ પણ ગુરૂપદ પ્રાપ્ત કરવા એક મહાન પર્વતના મહાન શિખર પર ચઢવાનું છે, અને હાલ તેઓ પર્વતની તળેટીથી ચઢવાનો આરંભ દૃઢનિશ્ચયથી કરી ચૂક્યા છે એમ માનો. હવે તેમની ધારણા પૂરી પાડવા તેઓની પાસે પ્રથમ તો વિદ્યારૂપી અખુટ સામગ્રી

હોવી જોઇએ. આ કલ્યાણકારી માર્ગમાં આડે આવી નડતા આળસ વગેરે અનેક દુર્ગુણ રૂપી શત્રુઓની સામા થવા સદ્‌ગુણ રૂપી શસ્ત્રથી તેઓ સજાગેલા હોવા જોઇએ. જે વડે નિર્વિઘ્ને શિખર તરફ પોતાના શિષ્યોના કાફલા સહીત પસાર કરી શકે

પિતાતુલ્ય મનાતા ગુરૂઓ તેઓ પોતાની સાથે મુસાફરી કરનારા નિર્બળ અને નિર્દોષ શિષ્યોને પગથીએ પગથીએ સાવચેતીથી આગળ વધારી શકશે. ગુરૂઓ હોય તો તેમનો કાફલો આવી મહાયાત્રામાં આગળ વધતાં નાઉમેદ થઇ પાછળ રહી જશે પણ વિનયયુક્ત દિલાસા થી તેઓ હોંસે હોંસે આગળ વધશે જેમ રસ્તો સરળ, મનોહર પદાર્થોથી સુશોભિત, અને કુદરતના નિયમોને અનુસરતો, મળતો જશે; તેમ તેમ મુસાફરી મનગમતી અને સુલભ થઇ પડશે. આવી રીતે જ્યારે શિષ્યો-ની ધારણા બર આવશે, ત્યારે તેઓ પોતાના

ગુરૂનું માનપૂર્વક પૂજ્યબુદ્ધિથી, સદા સ્મરણ કરશે

આપણી પ્રાથમિક કેળવણીની નિશાળો, મહાન શિખરના પેહેલા પગથીઆ રૂપ છે દરેક કામ આરંભમાં કઠિન હોય છે અને તેમાં ઘણાં વિઘ્ન નડે છે; પરંતુ દરેક વસ્તુનો દૃઢનિશ્ચયથી આરંભ કરનારાઓજ વિશેષ માનને પાત્ર થાય છે. તે પ્રમાણે શરૂઆતની કેળવણી આપનારા શિક્ષકોનું કામ જોખમ ભરેલું, તેમજ માનને પાત્ર છે તેનું માન પ્રાપ્ત કરવા ઘણીજ સમયસુચકતા ડગે નહિ એવો આગ્રહ, એકનિષ્ઠ, અને ખરા અંતઃકરણથી પ્રેમપૂર્વક કામ કરવાની આવશ્યકતા છે

જેમ બાળક નાનો ને શરૂના વિદ્યાર્થી હોય. તેમ શિક્ષકમાં ઉંડી પહોંચ. હદ ઉપરાંત મમતા, પ્રેમ ભરેલી લાગણી ભારે ઉદ્યોગ, વિશાળ બુદ્ધિ ને ચપળતાની વધારે જરૂર છે.

પ્રથમ પાયો સારો રચાયો એટલે તેનાપર ગમે તેવી ભારે ઇમારત ટકી શકશે. માટે પ્રથમ પાયાનો આરંભ કેવી રીતે કરવો? તેની માત્ર ટુંક નોંધ જુજ વખતમાં અત્રે આપી શકાશે. સુજ્ઞ શિક્ષકો પોતાના બુદ્ધિબળ, અને અનુભવ વડે કુદરતી નિયમોને અનુસરીને પૂરતો વિસ્તાર કરી લેશે.

બાળ વર્ગમાં નાનાં બાળકોને માછલાં જેમ સ્વાભાવિક રીતે તરતાં શીખે છે, પક્ષી ઉડતાં શીખે છે, બાળકો ચાલતાં અને બોલતાં શીખે છે; તેમ કુદરતના નિયમોને અનુસરીને સરળતાથી શિક્ષણ આપવાની ખાસ જરૂર છે. બાળકોની લાગણીઓ કેળવાય, તેમનામાં ચપળતા આવે, તેમના અવયવોને કસરત મળે, તેમની વૃત્તિઓ શુદ્ધ થાય, તેમના નાજુક, અને મીણ જેવા કોમળ મન-પર ઉંચા પ્રકારની છાપ પડે; સદ્ગુણ રૂપી શણગારથી તેઓ સુશોભિત દેખાય, શિક્ષણમાં

તેઓ પોતાની મેળેજ રસ્તે ડગલાં ભરતાં થાય એટલે તેઓ પોતાની મેળે વિચાર કરતાં શીખે એવું શિક્ષણ આપવું. એમને અપંગ કે નિસ્તેજ સમજવાં નહિ. એમનામાં બુદ્ધિ, તર્ક, સ્મરણ અને તોલન, વગેરે શક્તિઓનાં બી કુદરતે દેહ પ્રાણના સંયોગ સાથે મૂકેલાં છે. તેના અંકુરો યોગ્ય કાળે સ્ફુરવા માંડશે તે વખતે તે અંકુરોને લાયક સાધનો વડે પ્રફુલ્લિત કરવા એ શિક્ષકનું કામ છે.

સફાઈપર ખાસ લક્ષ આપવું. અને તે ગુણ પેદા કરવા બાળકોને હમેશા ચોખ્ખાં રહેવાની, ચોખ્ખાં લુગડાં પહેરવાની ટેવ પાડવી. મલીનતા, ને દુર્ગંધથી દૂર રહેવા બોધ કરવો. આ ટેવથી કોઈ પણ મેલી વસ્તુ તેમને પસંદ પડશે નહિ. સ્લેટપર લખે કે કાગળપર, પરંતુ એક પણ ડાઘ પડવો જોઈએ નહિ. ઘણીજ સફાઈથી લખવાની ટેવ પાડવી. શરૂઆતમાં

જેવો મરોડ આવે છે તે, ઘણું કરીને બદલાતો નથી. લખવાનું કામ શિક્ષકની સમક્ષ થવું જોઇએ. તે વખતે દરેકની બેસવાની, કલમ પકડવાની, અને લખવાના ઉપર શિક્ષકનું લક્ષ રહેવું જોઇએ.

વાંચતી વખતે ઘણુાજ મીઠા સ્વરથી, સરળતાથી, સાંભળનારને મનહર લાગે તેવી રીતે અને જાણે વાત કરતા હોઇએ તે પ્રમાણે, જ્યાં અટકવાનું હોય ત્યાં રીતસર અટકીને, વાંચવાની શરૂઆતથીજ ટેવ પાડવી જોઇએ. મનને આકર્ષણ કરનારૂં વકતૃત્વ મનુષ્યમાત્રનું ઉત્તમ અને અમુલ્ય આભુષણ છે છટાદાર ભાષણથી જે કામ થાય છે તે, તલવાર, બરછી કે બંદૂકથી થઇ શકતું નથી. વાંચનમાળામાં કે બીજે ગમેતે પ્રસંગે નીતિનાં વચન વાંચવામાં આવે તે વચનો ઉપર સારી રીતે વિવેચન કરી, દષ્ટાંતોથી નીતિનો બોધ શિષ્યોના મનપર ઠસાવવો.

ડિક્ટેશનના વિષયનો લખાણુમાં સમાવેશ થાય છે વિશેષ એટલુંજ કે ડિક્ટેશન કાન, આંખ અને હાથની ચપળતા વધારવાનું મુખ્ય સાધન છે. તેવીજ તેનો ઉપયોગ થવો જોઇએ. ડીકટેશન લખની વખતે વિદ્યાર્થીઓ પોતાની મેળેજ દરેક જાતનાં ચિન્હ વગેરે મૂકી શકે એવી રીતે શુદ્ધ ઉચ્ચારથી લખાવવાનો રીવાજ રાખવો જોઇએ. વારવાર બોલવાથી અને ધીમે ધીમે લખાવવાથી ઘણું નુકશાન થાય છે; કેમકે એથી ડિકટેશનનો હેતુ પાર પડી શકતો નથી.

હિસાબ એ ઘણોજ અગત્યનો વિષય છે, એના વડે બુદ્ધિ કસાય છે; ધૈર્ય આવે છે, આગ્રહ વધે છે; ટુંકામાં કહીએ તો એથી મનની શક્તિઓ પ્રફુલ્લિત થાય છે. હિસાબ શીખવવામાં પણ સફાઇની ઘણી જરૂર છે. આંકડા ચોખ્ખા, અને સ્પષ્ટ લખવા જોઇએ. નિબંધમાં જેમ પેરેગ્રાફ પડે છે, ને વિચારની

સાંકળ બંધાય છે; તેજ પ્રમાણે અનુક્રમે આમાં પણ દરેક પદની સાંકળ બાંધવી જોઇએ. એક પદ મૂકી દેવાથી બધી સાંકળ તૂટી જશે, ને નિયમિતપણાની ટેવ પડશે નહિ.

લેખાં ચપળતા વધારવામાં અને તર્કશક્તિ પ્રફુલ્લિત કરવામાં બહુ સહાયકર્તા છે.

ઇતિહાસ એ પ્રાચીન અને અર્વાચીન કાળનું દર્પણ છે. નીતિ અને સદ્‌ગુણ પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન છે. નાના બાળકોને વાર્તા સાંભળવાનો બહુ શોખ હોય છે. ઇતિહાસ વાર્તારૂપે શીખવવાથી ઘણી સરળતાથી અને હોંસે હોંસે બાળકો શીખે છે. આવી રીતે શીખવવાથી બાળકોના મનમાં સત્ય, ન્યાય, દયા, વગેરે સદ્‌ગુણો ઉપર પૂજ્યભાવ ઉત્પન્ન થશે અને તેઓ નીતિવાન થશે. દુર્ગુણીઓની વાર્તાઓ વાંચવાથી, અને તેમની માઠી અવસ્થાનું વૃતાંત સાંભળવાથી તેઓના મનમાં અસત્ય, અનીતિ, નિર્દયતા, વિગેરે દુર્ગુણો ઉપર તિરસ્કાર આવશે.

ભૂગોળથી અમર્યાદ સૃષ્ટિનું ભાન થઇ તેના પેદા કરનારની અલૌકિક શક્તિના અગણિત ગુ-ણોની ગમ પડશે જેમ મુસાફરીમાં એક ગામથી બીજે ગામ, અથવા એક શહેરથી બીજે શહેર જતાં નવી નવી વસ્તુઓ, ઇમારતો, નવા નવા લોકો, તેમની રીતભાત, ત્યાંની પ્રખ્યાત વસ્તુઓ ત્યાંના વસનારાઓની રહેણી કરણી વગેરે જોઇ આપણા વતનમાંની ચીજો સાથે તેમનો મુકાબલો કરવાથી આનંદ થાય છે અને મુસાફરીના અણહદ ફાયદાની આપણે મુજ કરી શકીએ છીએ. તેમજ બાળકોને નકશાપર એક ગામથી બીજે ગામ, અથવા એક શહેરથી બીજે શહેર, અથવા એક દેશથી બીજે દેશ, લઇ જતા હોઇએ તેમ ત્યાંના ઉત્તમ પદા-ર્થોનો ખ્યાલ તેમના મનમાં ઉત્પન્ન કરવાથી તેઓ નકશાપર નવી નવી જગાઓ, તથા ત્યાંના વિદ્યા હુન્નરની વૃદ્ધિનાં સાધનો જાણવા આતુર થશે અને ભૂગોળ સરળતાથી શીખશે.

નદી, દરિયા, પર્વત. વગેરેમાં પણ વર્ણવવા જોગ ઘણી વસ્તુઓ છે તેમનું વર્ણન કરવું વેપાર, રોજગાર. ખેતીવાડી, અને રાજ્યનીતિનું વર્ણન પણ નકશાપરથી કરી શકાય.

દાન લેનારની સંખ્યામાં જેમ વધારો થાય તેમ તે દાન આપનારના કલ્યાણ અર્થે આશિર્વાદ વધારે તેજ પ્રમાણે વિદ્યારૂપી દાનનું પણ સમજવું નાનાં બાળકો ઔષધથી કંટાળીને નાસે છે, તોપણ ગમે તેમ કરીને દવા પાયા વિના તેમનું દુઃખ ટળતું નથી; તેજ પ્રમાણે શિક્ષકોનો ધર્મ છે કે સામાન્ય લોકો અણસમજ કિંવા અજ્ઞાનથી વિદ્યાનો લાભ ન લેતા હોય, એટલે નાના અજ્ઞાન બાળકની પેઠે વિદ્યામંદિરથી દૂર રહેતા હોય તેમને નરમાશથી, અને સહનશીલતાથી વારવાર બોધ કરીને વિદ્યાદાન આપવું તેવા પ્રયાસમાં નાત, જાત, કે ધર્મનો ભેદ કિંચિત માત્ર હોવો જોઇએ નહિ. એકજ સરજનહારના બનાવેલાં

સઘળાં મનુષ્યો છે. એમ સમજી દરેક જાતના બાળકોને પ્રેમપૂર્વક શિક્ષણ આપવું.

પુરૂષોને જેટલી જ્ઞાનની જરૂર છે, તેટલીજ સ્ત્રીઓને પણ છે. (અર્ધાંગના શબ્દ ઉપર મનન કરો) આ શબ્દપર લક્ષપૂર્વક મનન કરી જેમ બને તેમ સ્ત્રી કેળવણીમાં વધારો કરવો. જે જૂના વિચારના વહેમી લોકો આડે આવતા હોય, તેમને ભણેલી કન્યાઓના, તેમજ ઇતિહાસપરથી સદ્ગુણી સ્ત્રીઓનાં દૃષ્ટાંતો આપી રીધે માર્ગે લાવવા અને મમતાથી બાળકીઓને ખસુસ ભણાવવી.

બાળકોનાં મન રીઝવવા નિશાળમાં નાનું સરખું સંગ્રહસ્થાન રાખવું. જેમાં ચાલતી ચોપડીઓમાં વર્ણવેલી વસ્તુઓનો સમાવેશ થાય.

નાનાં બાળકોને ફુલ ઝાડ બહુ ગમે છે. તેથી નિશાળના કંપાઉંડમાં તે રોપાવવાં ને બે ઘડી બાળકોને તેમાં આનંદ કરાવવો.

નિશાળને ઉત્તેજન આપવા અને નિર્ધન નિરાશ્રિતને મદદ આપવા ગામલોકોને બોધ કરવો. તેમની મદદ નિશાળોની આબાદીમાં શિક્ષકોને ઉપયોગી થયા વગર રહેશે નહિ.

છોકરાંને દરરોજ એકલી મનનીજ કેળવણી આપ્યાં કરવાથી તેમનાં શરીર દિવસે દિવસે નિર્બળ થતાં જશે. માટે તેઓને તાપ ન હોય તે વખતે દેશી રમતો રમાડવી. ઘણી ખરી નિશાળોમાં કસરત કરવાનાં સાધનો સરકાર તરફથી પૂરાં પાડવામાં આવ્યાં છે. તેનો મોટી વયના વિદ્યાર્થીઓ પાસે ઉપયોગ કરાવવો. ટુંકામાં એટલો ઇશારો બસ છે કે ગમે તેવાં બોધવચન ફક્ત સાંભળવાથી લાભ થતો નથી, પરંતુ ઉપદેશ પ્રમાણે વર્તવાથી કાર્ય સિદ્ધ થાય છે.

સમાપ્ત.

વિદ્યાર્થીઓ માટે.

રસિક વાર્તાઓ.

(ફારસીમાંથી ભાષાંતર.)

માણુસ ને જાનવરનો સંવાદ.

એક દિવસે ગુલ્લશાદંગ બાદશાહ પાસે સાત શાણા બેઠા હતા તેવામાં પ્રાણીઓના સાત સરદાર દરબારમાં હાજર થયા ને અરજ કીધી કે અમને માણુસના જુલમથી ઉગારો.

ઉંટ—માણુસ અમારાથી કઇ બાબતમાં ચઢિયાતા છે?

૧. શાણો—પશુઓથી માણુસ ઘણી બાબતમાં ચઢિયાતાં છે, મુખ્યત્વે કરીને વાચાળપણામાં.

ઉંટ—વાચાળપણાનો હેતુ સાંભળનારાઓને ખબર આપવાનો હોય તો તેવી શક્તિ પશુઓમાં પણ છે.

શાણો—ફક્ત માણસનું ભાષણ સમજી શકાય છે.

ઉંટ—તમે પ્રાણીઓની ભાષા સમજતા નથી તેથી તેમના વચનની ગણના કરી શકતા નથી. દાખલા તરીકે પૂર્વના લોકો પશ્ચિમના લોકોની ભાષા સમજતા નથી તેમાં ભાષાનો કે ત્યાંનો રહેવાશીઓનો શો દોષ ?

શાણો—અમારી ચાકરી કરવા તમને પેદા કર્યા છે !

ઉંટ—તમને અમારા માટે ઘાસ દાણો લાવવા મુકરર કર્યાં છે !

શાણી કીડી—માણસ પ્રાણી કરતાં કઈ બાબતમાં શ્રેષ્ઠ છે ?

૨ શાણો—તેમની સુંદર કાંતી, ચાલવાની ઢબ ને સીધા કદને લીધે.

કીડી—ડાહ્યા લોકો બહારના રૂપથી મોહ પામી છેતરાતા નથી. શરીરના અવયવો ને સાંધાની રચના આપણી બધાની સરખી છેજ. અને જ્યારે તમેજ ખુબ સુરતીનું વર્ણન કરો

છો ત્યારે હરણના જેવી આંખો, હંસના જેવી ચાલ, સિંહના જેવી કમર, પોપટના જેવું નાક વગેરે ઉપમાઓ શોધતા ફરો છો. આ પરથી અમારૂં ચઢિયાતાપણું સિદ્ધ થાય છે.

લોંકડી—કળા કૌશલ્યમાં માણસનું ચઢિયાતાપણું શું છે?

૩ શાણો—માણસોને પહેરવાના ઉમદા લુગડાંલત્તાં અને ખાવાપીવાની સ્વાદીષ્ટ જણશોથી તેમની મોટાઇ જણાઈ આવે છે.

લોંકડી—પ્રાચીનકાળમાં તમારાં લુગડાં ઉન, વાળ ને ચામડાનાં બનતાં હતાં ને હાલ પણ તેવાંજ જોવામાં આવે છે. પશુઓના જે અવયવો ઢાંકવા લાયક હતા તે કુદરતેજ ઢાંકેલા છે. એટલે એમાં કાંઈ તમારે મોટાઇ માનવાનું કારણ નથી.

૩ શાણો—નિર્દયતાથી એક બીજાને ફાડી ખાનારાં જાનવરો આવી તકરાર કરે એ અયોગ્ય છે.

લોંકડી—આવી વર્તણુક તમેજ અમને શીખવી છે. ફાડી ખાનારા પ્રાણીઓ માંસાહારી હોવાથી માંસનું ભક્ષણ કરે એમાં શી નવાઇ?

દીર્ઘદ્રષ્ટીવાળું કરોળિયું—માણુસના મહત્વનું શું કારણ બતાવો છો?

૪ શાણો—માણુસ હુન્નરકળામાં પ્રવીણ હોય છે.

કરોળિયું—આ વિષયમાં જાનવરો મનુષ્યથી આગળ વધેલાં છે. ઇંટ ને લાકડા વગર કીડી મંકોડી ત્રણ ખૂણિયાંને ચોખંડા ઘર કેવી ચપળતાને સફાઇથી બાંધે છે તે શું તમે નથી જાણુતા? મધપૂડો ને સુગરીના માળા તરફ નજર કરો. સાળ વગર હું કેવું બારીક વણું છું?

૪ શાણો—માણુસ પોતાના વિચાર કાગળ પર લખી જાહેર કરી શકે છે.

કરોળિયું—પરમેશ્વરના ગુપ્તભેદ પવિત્ર અંતઃકરણુમાંથી ખસેડી નાશકારક વસ્તુને હવાલે કરવું જાનવરોને પસંદ નથી.

કાચબો—માણુસની મોટાઇ શામાં છે?

પ. શાણો—બાદશાહ, વજીર, ફોજના સરદાર, જોશી, વૈદ વગેરેથી માણુસની મોટાઇ જણાઇ આવે છે.

કાચબો—જે ટોળાઓનું તમે વર્ણન કીધું તેવાં અમારામાં પણ છે.

મધમાખી અને કીડીની હકુમત પર નિગાહ કરો. પ્રપંચી શીઆળની વજીરાત, હાથીની સરદારી, કૂકડો જે રાત દિવસનો વખત બરાબર ઓળખી શકેછે ને ચંદ્રમા કે આકાશ જોયાવિના અંધકારવાળા ખડામાંથી પરોઢીયાની ખબર આપે છે તેના જોશીપણા પર વિચાર કરો.

મોર—માણુસની મોટાઇનો શો આધારછે?

વજીરવીજલોર—માણુસમાં વિવેક બુદ્ધિછે.

મોર—સો ઘેટીનાં બચ્ચાં હોય ને મોર અંધારીરાત હોય તો પણ દરેક બચ્ચું પોતાની માને શોધી કાઢી તેને ધાવે છે અને દરેક

મેટી પોતાનાં બચ્ચાંને ઓળખી શકે છે. આવી બુદ્ધિ માણુસમાં નથી.

વજીર—માણુસમાં શુરાતન છે.

મોર—માણુસ સિંહથી વધારે બહાદુર નથી.

ગરૂડ—માણુસની મોટાઇ કોણુ સાબિત કરી શકે છે!

શાણો—માણુસ જ્ઞાનવડે સરસાઇ ભોગવે છે ને જ્ઞાનના બળથી હલકી પાયરીથી ઉંચે દરજ્જે ચઢી શકે છે.

ગરૂડ—જ્ઞાનવડેજ જાનવરો ઝેરી વનસ્પતી-માંથી સારી વનસ્પતી પારખી કાઢે છે.

શાણો—માણુસ પોતાની મનોવૃતીઓને અંકુશમાં રાખી આત્મજ્ઞાન મેળવી શકે છે ને તે જ્ઞાનના પરીબળથી (દેવદૂત)નો દરજ્જો પ્રાપ્ત કરી શકે છે.

ગરૂડ—અમે પણુ તેજ પ્રમાણે વશ થઇ શકિયે છીએ.

શાણો—આ બધું ખરૂં છે પરંતુ તમને પાળનાર ને વશ કરનાર કોણ ? માણસજ, આટલું બધું કર્યા છતાં તમે માણસના અનેક ગુણમાંથી એકાદ ગુણ મેળવી શકો પરંતુ માણસ તો આત્માના પરિબળથી બ્રહ્મજ્ઞાન મેળવી શકે છે. તેવું જ્ઞાન તમારાથી કદી પણ સંપાદન કરી શકાય નહિ.

ગરૂડ—તમારૂં કહેવું સત્ય છે પરંતુ વગર કારણે કજીયો કંકાસ કરી એક બીજાનું ખુન કરવામાં તમે જાનવરોને વધારે મળતા આવો છો ને દેવદૂતની પંક્તિમાં ગણાવા લાયક નથી.

બાદશાહે આ વાદવિવાદ સાંભળી નીર્ણય કીધો કે બીન કસુરે કતલ કરવું અમે પણ પાપ સમજીયે છીએ. પરંતુ દુઃખ દેનારને શિક્ષા કરવામાં કાંઇ પણ બાદ નથી.

ખેડુત અને પક્ષી.

એક ખેડુતે મહા મહેનતે પોતાની વાડીમાં અનેક પ્રકારના ઝાડ રોપ્યાં હતાં. રંગ બેરંગી ફૂલ અને જાત જાતના મેવાથી એ બગીચો ઘણો રમણિય દેખાતો હતો એક દિવસે કયારામાં પાણી રેડતાં રેડતાં એક પક્ષીનું મધુર ગાયન સાંભળી જે ઝાડપર તે પક્ષી બેઠું હતું તે તરફ તેણે નજર કીધી. પક્ષીને જોતાંજ આનંદને બદલે તેને ઘણો ખેદ થયો. એ નિર્દય પક્ષી પોતાની તિક્ષણ ચાંચથી સુંદર ફૂલની કળિયો તોડીને ભોંયપર નાંખતું હતું અને આનંદથી ગાયન કરતું હતું. ગુસ્સાથી ખેડૂત લાલચોળ થઇ ગયો. પોતાના ઝુંપડામાંથી થોડાક દાણા લાવી તે ઝાડ નીચે વીખેરી તે પક્ષીને પકડવા ફાંદો બાંધ્યો ને પોતે ઝાડની પાછળ સંતાઇ રહ્યો. દાણા ખાવાની લાલચથી જેવું પક્ષી નીચે

ઉતર્યું તેવુંજ પેલા ફાંદામાં સપડાયું ; ખેડૂતે ઝાડ પાછળથી ફલાંગ મારી તે પક્ષીને પકડી લીધું ને ક્રોધથી કહ્યું કેમ? હવે તારી શી વલે કરૂં? આ વાડીનાં ફળને ફૂલ જેને મારાં વહાલાં બાળબચ્ચાં પણ મારા હુકમ સિવાય આંગળી અડકાડતાં નથી તેનો વગર કારણે નાશ કરનાર તુંજ કે? મારા ગરીબ કુટુંબના ભરણપોષણના સાધનનું જડમૂળ કાઢનાર તુંજ કે? એમ કહી તેની ડોક મરડી મારી નાંખવાનું કરતો હતો તેટલામને તે પક્ષીએ દયામણું મોહું કરી આજીજીથ કહ્યું, બેશક મેં ભારે ગુનોહ કીધો છે મ તેને માટે ભારે શિક્ષાને પાત્ર થઇ ચૂક્યુંછું પરંતુ દયા લાવી જો મને જીવતદાન*આપે તો હું તને ત્રણ બોધ વચન કહું. તેમાંનું દરેક વચન એકેક ખજાના જેવડું મુલ્યવાનછે. આ સાંભળી ખેડૂતે મોં મલકાવી કહ્યું, તારાં વચન સાંભળ્યા પછી તને જવા દઇશ. પક્ષીએ કહ્યું

સાંભળ પ્રથમ કોઇ પણ માણસ તારા આગળ અસંભવિત વાત કરે તો કદી તે માનીશ નહિ. બીજું તારા હાથમાંથી નાણું જતું રહે તો તેના વિયોગમાં ખેદ કરીશ નહિ. ત્રીજું જે વસ્તુનું મળવું અશક્ય છે તે મેળવવા વ્યર્થ માથાકૂટ કરીશમા

આ ત્રણ વચનને અનુસરીને ચાલવાથી તું દીલગીરીનો ભોગ થતો અટકીસ. પક્ષીનાં આવાં વેણ સાંભળી ખેડૂત ઘણો પ્રસન્ન થયો ને તેને છોડી મૂક્યું.

જેવા વેગથી તીર કામઠામાંથી નીસરી જાય છે તેવીજ રીતે તે ચંચળ પક્ષી ઉડી એક ઝાડની ડાળપર બેઠું ને કેહવા મંડયું કે હે ખેડૂત! તું કેવો મૂર્ખ કે તેં મને બોળવાઇને મૂકી દીધું. મારા પેટમાં એક ઇંડા જેવડું અમુલ્ય રત્ન છે જો તે તારે હાથ આવ્યું હોત તો રાત દિવસની તારી માથાકૂટ

મટી જાત ને તું અને તારૂં કુટુંબ પણું સુખી થાત આ સાંભળી ખેડૂતનું મન આકૂળ વ્યાકૂળ થયું પરંતુ હાવકે મોઢે કેહવા લાગ્યો હે મારા વહાલા પક્ષી ! શું ! તું એમ સમજે છે કે હું તારો જીવ લેત ? હું તો ફક્ત તને ખીવરાવતો હતો ! મારો વિચાર તને પાળીપોષી ઘણા સુખમાં રાખવાનો હતો ! જો હવે તું પાછું મારા હાથમાં આવે તો તને ખાતરી થાય કે હું તને મારા જીવથી પણ વહાલો ગણી કેવી કાળજીથી તારી સંભાળ રાખું છું.

ખેડૂતનું આ પ્રપંચ ભરેલું ભાષણ સાંભળી પક્ષીએ જવાબ દીધો. હે મૂઢ ! હું તારા જેવા અનાડીથી છેતરાઉં કે ? ! તારી નીચ વૃતીઓથી શું હું અજાણ છું ? હવે મૂર્ખાઇ વધારે દેખાડવામાં કાંઇ ફળ નથી. હમણા લગાર વાર પહેલાં મેં તને શો બોધ કીધો હતો ? શું આટલામાં

ખોવાઇ ગયું કે ? તને યાદ નથી કે જે વસ્તુ મળવી અશક્ય છે તેની શોધમાં નાહક ફાંફાં મારવામાં કાંઇ ફળ નથી આ બોધ તું શું આટલામાંજ ભૂલી ગયો ? અલ્યા તને આટલું ભાન નથી કે એક હંડા જેવડા નાના પક્ષીના પેટમાં હું કહું છું તેવું રત્ન તે ક્યાંથી હોય ? વળી શું મેં તને શીખામણ નથી દીધી કે ગુમ થયેલી વસ્તુને માટે શોક કરવામાં ફાયદો નથી તે છતાં હવે મારે માટે તું ખેદ કરે છે તે કેવી મૂર્ખાઇ !

સાર—કોઇપણ બાબતનો નિર્ણય કરતા પહેલાં દરેક માણસે સારઅસારનો પુખ્ત વિચાર કરવો જોઇએ કારણ ઉતાવળનું પરિણામ માઠું નીવડે છે ને છેવટે પશ્ચાતાપ થાય છે.